# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી
## મોતીબાગ, જૂનાગઢ

ડો. એ.એમ.પારખીયા
વિસ્તરણ શિક્ષણ નિયામક

(ફોન : ૦૨૮૫ / ૨૬૭૨૬૫૩)
(ફેકસ : ૦૨૮૫ / ૨૬૭૧૬૬૯)
ઈ–મેઈલ : dee@jau.in

જા.નં. જૂકૃયુ/વિશિનિ/ટેક–૬/ 9029 /૧૫, જૂનાગઢ, તા. 31 /૦૭/૨૦૧૫

પ્રતિ,
સામેલ લીસ્ટ મુજબ

**વિષય:** એગ્રો બેઈઝ આઈટીઆઈમાં પ્રવેશ માટે રૂબરૂ મુલાકાત (ઈન્ટરવ્યુ) બાબત...

જયભારત સાથ ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, ચાલુ વર્ષ ૨૦૧૫–૧૬ એગ્રો બેઈઝ આઈ.ટી.આઈ.માં પ્રવેશ માટે તમોએ કરેલ અરજી અન્વયે તમારા પોતાના ખર્ચે નીચે જણાવેલ સ્થળે, સમય અને તારીખે રૂબરૂ મુલાકાત (ઈન્ટરવ્યુ) માટે હાજર રહેવા જણાવવામાં આવે છે.

રૂબરૂ મુલાકાતના દિવસે તમારી શૈક્ષણિક લાયકાતના તથા અન્ય અસલ પ્રમાણપત્રો અચુક સાથે લઈને આવવાનું રહેશે. કોઈપણ પ્રમાણપત્રની ખરી નકલ (પ્રમાણિત નકલ) માન્ય રાખવામાં આવશે નહી.

૧. શાળા છોડયાનું પ્રમાણપત્ર/ બોનોફાઈડ પ્રમાણપત્ર
૨. એસ.એસ.સી. પરિક્ષાના પરિણામની માર્કશીટ
૩. એસ.એસ.સી. પરિક્ષા પાસ કર્યાનું જે તે શાળાનું ટ્રાયલ પ્રમાણપત્ર
૪. રૂબરૂ મુલાકાતના દિવસે તમારે નીચે જણાવ્યા મુજબની ફી/ અનામતની રકમ અચુક લઈને આવવાનું રહેશે.
૫. અનુસુચિત જાતિ/ અનુસુચિત જનજાતિ/ શારીરિક શૈક્ષણિક પછાત વર્ગનું પ્રમાણપત્ર (જે લાગુ પડે તે)

| ફી/ અનામતની રકમ | | | રૂબરૂ મુલાકાતનું સ્થળ |
|---|---|---|---|
| ૧. | કોર્ષ ફી | ૨૫૦/– | વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી, |
| ૨. | કોશનમની | ૧૦૦/– | મોતીબાગ, યુનિવર્સિટી ભવન, |
| ૩. | ઓળખપત્ર ફી | ૨૦/– | જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી |
| ૪. | ગુણપત્ર ફી | ૫૦/– | જૂનાગઢ– ૩૬૨ ૦૦૧ |
| ૫. | પ્રમાણપત્ર ફી | ૫૦/– | **તારીખ : ૦૩/૦૮/૨૦૧૫** |
| ૬. | પ્રયોગ કાર્ય ફી | ૧૦૦/– | **સમય : સવારે ૧૧.૦૦ કલાકે** |
| | **કુલ** | **૫૭૦/–** | |
| | **(અંકે રૂપિયા પાચસો સીતેર પુરા)** | | |

ઉપર જણાવ્યા મુજબના અસલ પ્રમાણપત્રો તથા અનામતની કુલ રકમ ₹ ૫૭૦/– મુલાકાતના દિવસે રૂબરૂ લાવવાની રહેશે. દર્શાવેલ તારીખે અને સમયે રૂબરૂ મુલાકાત માટે ગેર હાજર રહેનાર પસંદગીને પાત્ર ગણાશે નહી. તેમજ જે તાલીમાર્થી હોસ્ટેલમાં રહેવા ઈચ્છતા હોય તેમણે સુચીપત્ર મુજબની ફી ભરવાની રહેશે.

પ્રવેશ માટે ઉમેદવારની પસંદગી ગુણવત્તાના ધોરણે જે તે કેન્દ્રની નકકી કરેલ પ્રવેશ સંખ્યાની મર્યાદામાં રહીને કરવામાં આવશે. પ્રવેશ બાબતે પસંદગી સમિતિનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

વિસ્તરણ શિક્ષણ નિયામક

**સ્થળ: કૃષિ ઔદ્યોગિક તાલીમ કેન્દ્ર, એટીક બિલ્ડીંગ, યુનિવર્સિટી ભવનની સામે,**
**જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ**

**નકલ જયભારત સાથ રવાના:**
નિયામકશ્રી, આઈ.ટી. સેલ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ તરફ જાણ તથા જેએયુ વેબ પર પ્રકાશીત કરવા સારૂ.

E:tech.6/tech-6/letter